Azadi Ka Amrit Mahotsav

જા.નં./મા-૭/૨૦૨૨/ ૯૮૧૮

જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી,
એ/૩, જિલ્લા સેવા સદન-૨,
અઠવાલાઈન્સ, સુરત
Web : suratdeo.org
Email : suratdeo@gmail.com
તા. ૮/૦૭/૨૦૨૨

પ્રતિ,
આચાર્યશ્રી,
તમામ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ તરફ

આ સાથે સામેલ તા.૨૯/૦૬/૨૦૨૨નાં પત્રનો આપની કક્ષાએથી જરૂરી અમલ તથા કાર્યવાહી સારું..

જિલ્લા શિક્ષણાધિકારી
સુરત, જિલ્લો-સુરત

**નોંધ :-**

વિષય :- નામદાર નામદાર ગુજરાત હાઈકોર્ટ માં દાખલ થયેલ પીઆઈઓ નં. ૧૧૮/૨૦૨૦ અન્વયે અગાશી ઉપર પતરાનાં શેડ બનાવી કલાસ ચલાવવામાં આવતા હોય તેને તેમજ બેઝમેન્ટ ખાતે કલાસ ચલાવવામાં આવતા હોય તેવા કલાસ તાકીદે બંધ કરવા બાબત.

મા. મ્યુ. કમિશ્નરશ્રીનાં મળેલ આદેશાનુસાર ફાયર વિભાગમાં આવેલ વિવિધ ઝોનનાં ડે.ચીફ ફાયર ઓફીસર તથા ડીવીઝનલ ઓફીસર (ફાયર)ને જણાવવાનુ કે,

આપનાં તાબા હેઠળનાં ઝોન વિસ્તારમાં આવેલ શાળાઓ ખાતે અગાશી ઉપર ટેરેસને કવર કરવા ટેમ્પરરી સ્ટ્રકચર / પતરાનાં શેડ બનાવી કલાસ બનાવેલ હોય, લેબ, લાઈબ્રેરી કે ઓડીટોરીયમ વિગેરે હોય તેવા તેમજ બેઝમેન્ટ ખાતે કલાસ હોય કે લેબ, લાઈબ્રેરી કે ઓડીટોરીયમ વિગેરે હોય કે આ બંને જગ્યાએ બાળકો હાજર રહીને કોઈ પ્રવૃતિ ચાલતી હોય તેવા સ્થળે ફાયર સેફટીની અને જાહેર સલામતીની દ્રષ્ટિએ ખુબજ ગંભીર બાબત હોય જે જાહેર સલામતીને ધ્યાને લેતા તાકીદનાં અસરથી આવી શાળાઓ અગાશી ઉપર લગાવેલ પતરાનાં શેડમાં બનાવેલ આવા કલાસ લેબ, લાઈબ્રેરી કે ઓડીટોરીયમ તાકીદે બંધ કરી આવા પતરાનાં શેડ દુર કરવા અને બેઝમેન્ટ ખાતેનાં આવા કલાસ અને લેબ, લાઈબ્રેરી કે ઓડીટોરીયમ વિગેરે પણ તાકીદે બંધ કરવા આવી શાળાઓને તાકીદે ફાયર નોટીસ ઈશ્યુ કરવી.

વધુમાં દિન-૦૨ માં આવી શાળાનાં અગાશી ઉપર કે બેઝમેન્ટ ખાતે પતરાના શેડ બનાવી કલાસ કે લેબ, લાઈબ્રેરી કે ઓડીટોરીયમ વિગેરે હોય કે આ જગ્યા ખાતે બાળકો હાજર રહીને કોઈ પ્રવૃતિ ચાલતી હોય તેવા તમામ સ્થળની પ્રવૃતિ બંધ નહી કરવામા આવ્યેથી આવી શાળાઓને આપવામાં આવેલ ફાયર સેફટી એન.ઓ.સી. તાકીદનાં અસર થી રદ કરવાની રહેશે.

સદર આદેશનો સંબધિત અધિકારીઓએ અચુક પાલન કરવું.

એફ.ઈ.એસ./આઉટવર્ડ/નં.૮૭૪
તા.૨૯/ ૦૬ /૨૦૨૨

ઈ/ચા ચીફ ફાયર ઓફીસર
સુરત મહાનગરપાલિકા

ન.સા.ર.મા.મ્યુ. કમિશ્નરશ્રી પ્રતિ.. જાણ માટે રજુ
ન.સા.ર.મા.ડે.કમિશ્નરશ્રી (ડી) પ્રતિ..... જાણ માટે રજુ
ન.સ.ર. વહીવટી અધિકારીશ્રી, સુમન માધ્યમિક શાળા સેલ, ભાતની વાડી, મીની બજાર પાસે સુમન હાઈસ્કુલ નં.-૦૨, વરાછા રોડ, સુરત પ્રતિ....જાણ તથા અમલ કરાવવા અર્થે.
ન.સ.ર. શાસનાધિકારીશ્રી નગરપ્રાથમિક શિક્ષણ સમિતિ, ૮ ગોપીપુરા પારશીવાડ, સુરત પ્રતિ..જાણ તથા અમલ કરાવવા અર્થે.
ન.સ.ર જીલ્લા શિક્ષણ અધિકારીશ્રી,એ/૩, ઉજોમાળ, જિલ્લા સેવા સદન-૨, અઠવાલાઈન્સ,સુરત સુરત પ્રતિ..જાણ તથા અમલ કરાવવા અર્થે.
ન.સ.ર. જીલ્લા પ્રાથમિક શિક્ષણ અધિકારીશ્રી, દરીયા મહેલ રોડ, મુગલીસરાય, ચોકબજાર, સુરત પ્રતિ..જાણ તથા અમલ કરાવવા અર્થે.
ન.સ.ર. તમામ ઝોનનાં ઝોનલ ઓફીસરશ્રી, રાંદેર ઝોન, કતારગામ ઝોન, વરાછા એ ઝોન, વરાછા બી ઝોન, અઠવા ઝોન, સેન્ટ્રલ ઝોન, લીમ્બાયત ઝોન ઉધના ઝોન -એ તથા ઉધના ઝોન- બી પ્રતિ જાણ તથા જરૂરી અમલ માટે.
ન.સ.ર. ડે.ચીફ ફાયર ઓફીસરશ્રી તેમજ ડીવીઝનલ ઓફીસરશ્રી પ્રતિ જાણ તથા તાબા હેઠળનાં અધિકારી મારફત ઉપરોકત કામગીરી અચુક અમલ કરવા કરાવવા સારૂ